GIRDHAR A. VAGHELA • ADVOCATE • G/476/1992

Girdhar Vaghela
B.Com., LL.B.
Advocate
(Gujarat High Court)
Near Verad Gate,
Narshaya Chowck
Bhanvad. 360510
Dist: Devbhumi Dwarka
Mo : 9428862999

(૧) પ્રતિ શ્રી,

ગુજરાત રાજય સરકાર

મારફતઃ મુખ્ય સચિવશ્રી,

ગુજરાત રાજય સરકાર

સચિવાયલ–ગાંધીનગર

(૨) સચિવશ્રી,

ગૌણ સેવા પસંદગી મંડળ,

ગાંધીનગર.

(૩) આસિત રવિન્દ્રપ્રસાદ વોરા,

માજી ચેરમેન,

ગૌણ સેવા પસંદગી મંડળ,

અમદાવાદ.

(૪) સુર્યા ઓફ સેટ

મારફતઃ મેનેજર સુર્યા ઓફ સેટ

આરોગ્ય કેન્દ્ર સામે, આંબલી ગામ

બોપલ –અમદાવાદ.

(૫) મુદ્રેશ જીતેન્દ્ર પુરોહિત

ઠે. સુર્યા ઓફ સેટ

આરોગ્ય કેન્દ્ર સામે, આંબલી ગામ

બોપલ–અમદાવાદ.

GIRDHAR A. VAGHELA ADVOCATE G/476/1992

બાબત : દિવાની કાર્યરીતિ અધિનિયમઃ ૧૯૦૮ની કલમ–૯૧ હેઠળની

મંજુરીથી દિવાની દાવો રજુ કરવા માટેની આખરી નોટીસ

આથી અમો ગિરધર વાઘેલા, બી.કોમ., એલએલ.બી. એડવોકેટ, (ગુજરાત હાઈકોર્ટ) ઠે. વેરાડ ગેઈટ, નરસૈયા ચોક, મુ. ભાણવડ, તા. ભાણવડ, જિલ્લો દેવભુમિ દ્વારકા વાળા તે અમારા અસીલ (૧) વિશ્વનાથસિંહ વાઘેલા, ઉ.વ.આ.૩૦, ધંધોઃ ખેતી, રે. સાણંદ, જિ. અમદાવાદ અને (૨) પાલાભાઈ રામાભાઈ આંબલીયા ઉ.વ.આ. ૪૨, ધંધોઃ ખેતી, રે. હંજડાપર, તા. ખંભાળીયા, જિ. દેવભુમિ દ્વારકા વાળાઓની સુચના મુજબ તમો ઉપર લખેલા નોટીસ લેનારાઓને નીચે મુજબની હકિકતોની જાણ કરુ છુ.

મારા અસીલ તમો ઉપરોક્ત લખેલ નોટીસ લેનારાઓ વિરૂધ્ધ દિવાની દાદ મેળવવા માટે પ્રતિનિધિ સ્વરૂપનો એક દિવાની દાવો રજુ કરવા માંગે છે. આથી દિવાની કાર્યરીતિ અધિનિયમઃ ૧૯૦૮ની કલમ–૮૦ હેઠળની આ નોટીસ આપી, આ દાવો રજુ કરવાની અગ્રિમ સુચના આપુ

પાના નં...૩...

GIRDHAR A. VAGHELA • ADVOCATE • G/476/1992

છુ. મારા અસીલની આ નોટીસમાં જણાવેલી માંગણીઓનો તમો નોટીસ લેનારાઓ દ્વારા સ્વીકાર કરવામાં આવેતે સિવાય, આ નોટીસમાં જણાવેલ દિવાની દાવો રજુ કરવાની મારા અસીલને ફરજ પડશે જેની નોંધ લેશો. આ નોટીસની વધુ વિગતો નીચે મુજબ છે.

આ નોટીસમાં જણાવેલ પ્રશ્નપત્ર માટે ફુટવુ શબ્દનો ઉપયોગ કરેલ છે. આ શબ્દ લોકવાણીનો શબ્દ છે, જેનો વાસ્તવિક અર્થ એવો થાય છેકે, પ્રશ્નપત્ર પરિક્ષા પહેલા જાહેર થઈ જવુ. આથી આ નોટીસના આ પ્રશ્નપત્ર શબ્દને તે રીતે વાસ્તવિક અર્થ મુજબ વાંચવા વિનંતી છે.

(૧) આ નોટીસમાં મથાળે લખેલ તમો નંબર(૧)ને રાજય સરકાર હોવાના દરજજે નોટીસ આપી છે, અને તમો નં.(૨)વાળાને ગૌણ સેવા પસંદગી મંડળ હોવાના કારણે નોટીસ આપી છે. તેમજ તમો નં.(૧–૨)ના નિયંત્રણ હેઠળ આ નોટીસમાં જણાવેલ પ્રશ્નપત્ર ફુટવાનો બનાવ બનેલ હોય તે કારણે નોટીસ આપી છે. તમો નં.(૩) ઉપરોકત જણાવેલ પ્રશ્નપત્ર ફુટવાની ઘટના વખતે ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન હતા, આથી તમો નં.(૩)ને આ નોટીસ આપી છે. તમો નં. (૪) વાળા પ્રિન્ટીગ પ્રેસમાં ઉપરોકત જણાવેલ પ્રશ્નપત્ર છપાવવા માટે આવ્યા હોવાના કારણે આ નોટીસ આપી છે. તેમજ તમો નં.(૫) વાળા ઉપરોકત જણાવેલ પ્રિન્ટીગ પ્રેસના માલીક હોવાના નાતે તમોને આ નોટીસ આપી છે.

પાના નં...૪...

GIRDHARI A. VAGHELA ADVOCATE G/476/1992

(૨) આ નોટીસમાં જણાવેલ નોટીસ લેનારા નં.(૨) ગુજરાત રાજય ગૌણ સેવા પસંદગી મંડળનું માત્ર કાનુની વ્યકિત તરીકે વ્યકિતત્વ/અસ્તિવ છે. તમો નોટીસ લેનારા નં.(૩) વાળા ગુજરાત રાજય ગૌણ સેવા પસંદગી મંડળના જેતે વખતના ચેરમેન હોવાના નાતે નોટીસ લેનારા નં.(૨) વતીના તમામ મહત્વના નિર્ણયો તમો નોટીસ લેનારા નં.(૩) લેતા હતા. આથી આ નોટીસમાં જણાવેલી ક્ષતિ માટે તમો નોટીસ લેનાર નં.(૨) અને નોટીસ લેનારા નં.(૩)ની સમાન જવાબદારી થાય છે. આથી આ નોટીસમાં જયાં જયાં નોટીસ લેનારા નં.(૨)ની જવાબદારી થાય છે તેવો ઉલ્લેખ છે તેની સાથે સાથે નોટીસ લેનારા નં.(૩)ની પણ સમાન જવાબદારી થાય છે તેમ સમજવા વિનંતી છે.

(૩) આ નોટીસમાં જણાવેલ નોટીસ લેનારા નં.(૪) સુર્યા ઓફ સેટ પ્રિન્ટીગ પ્રેસનું માત્ર કાનુની વ્યકિત તરીકે વ્યકિત્વ/અસ્તિવ છે. તમો નોટીસ લેનારા નં.(૫) વાળા, સુર્યા ઓફ સેટ પ્રેસના જેતે વખતના માલીક હોવાના નાતે, નોટીસ લેનારા નં.(૪) વતીના તમામ મહત્વના નિર્ણયો નોટીસ લેનારા નં.(૫) કરતા હતા. આથી આ નોટીસમાં જણાવેલી ક્ષતિઓ માટે તમો નોટીસ લેનાર નં.(૪) અને નોટીસ લેનારા નં.(૫)ની સમાન જવાબદારી થાય છે. આથી આ નોટીસમાં જયાં જયાં નોટીસ લેનારા નં.(૪)ની જવાબદારી થાય છે

પાના નં...૫...

GIRDHAR A. VAGHELA
ADVOCATE
G/476/1992

તેવો ઉલ્લેખ છે તેની સાથે સાથે નોટીસ લેનારા નં.(૫)ની પણ સમાન જવાબદારી થાય છે તેમ સમજવા વિનંતી છે.

(૪) કોઈ પણ વ્યકિતના ગેરકાયદેસરના કાર્યથી અથવા કોઈ પણ વ્યકિતની નિષ્ફળતાથી રાજયની જનતાને ક્ષતિ થાયતો, તેની ક્ષતિપૂર્તિ કરવા અથવા ક્ષતિ કરનાર પાસેથી ક્ષતિપૂર્તિ કરાવવા તમો નોટીસ લેનાર (૧) વાળા ગુજરાત રાજય સરકાર કાયદેસર રીતે જવાબદાર છો. પરંતુ તમો નોટીસ લેનારા નં.(૧) આ નોટીસમાં જણાવેલ પરીક્ષાર્થીઓની ક્ષતિપૂર્તિ માટે આગળ આવતા નથી. આથી મારા અસીલને આ નોટીસમાં જણાવેલ કાર્યવાહી કરવાની ફરજ પડી છે.

(૫) તમો નોટીસ લેનારા નં.(૧) વાળાએ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની સ્થાપના કરી છે. તમો નોટીસ લેનાર નં.(૧) વાળા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના ઉચ્ચ વર્ગના કર્મચારીઓ અને ચેરમેનની નિમણૂંક, બદલી અને બઢતી વિગેરે કામગીરી કરો છો. આ રીતે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની કામગીરી ઉપર દેખરેખ અને જરૂર પુરતુ નિયંત્રણ રાખો છો, અને જરૂરીયાત પુરતી નાણાકીય સહાય–અનુદાન પણ આપો છો. આથી તમો નોટીસ લેનારા નં.(૧) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના કાર્યો માટે પણ જવાબદાર છો.

પાના નં...૬...

૫/૧: આથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની કોઈ પણ નિષ્ફળતા કે જે "એકટ ઓફ ગોડ" નથી, તેવી નિષ્ફળતા માટે તમો નોટીસ લેનારા નં.(૧) અને (૨) સમાન રીતે જવાબદાર થાવ છો.

GIRDHAR J. VAGHELA ADVOCATE G/476/1992

(૬) તમો નોટીસ લેનારા નં.(૨) વાળા ગુજરાત રાજય સરકારની ગૌણ સેવાના કર્મચારીઓની ભરતી માટે, લાયક ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષાઓ લેવાની તેમજ જરૂર પડેતો મૌખીક ઈન્ટરવ્યુ લઈ, લાયક ઉમેદવારોની યાદી તૈયાર કરવાની કામગીરી કરો છો. આથી તમો નોટીસ લેનારા નં.(૨) વાળાએ, બિન સચિવાલય હેડ કલાર્કની નોકરી માટે, લાયક ઉમેદવારોની શોધ માટે જાહેરાત કરી હતી. તેમજ પ્રાથમીક રીતે લાયકી ધોરણ ધરાવતા વ્યકિતઓ પાસેથી ફોર્મ સ્વરૂપે ઉમેદવારી પત્રો મેળવેલ હતા. તેમજ તેવા લાયક વ્યકિતઓ પાસેથી જરૂરી પરીક્ષા ફી પણ વસુલ કરી છે.

(૭) આથી તમો નોટીસ લેનારાઓ સારી રીતે જાણકારી ધરાવો છો કે, બિન સચિવાલય હેડ કલાર્કની જગ્યા માટેના લાયક ઉમેદવારો પસંદ કરવા માટે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા, તા. ૧૨/૧૨/૨૦૨૧ના રોજ, ઉમેદવારોની લેખીત પરીક્ષા લેવામાં આવી હતી. આ લેખીત પરીક્ષા લેવાઈ ગયા પછી તે પરીક્ષા રદબાતલ ઠરાવવામાં આવી છે.

પાના નં...૭...

આથી આ પરીક્ષાના બહોળી સંખ્યાના પરીક્ષાર્થીઓને અન્ય કોઈના ગેરકાયદેસરના કૃત્યથી માનસીક અને નાણાકિય નુકશાની થયેલ છે. જેમાં સમગ્ર ગુજરાતભરના પરીક્ષાર્થીઓનો સમાવેશ થાય છે.

GIRDHAR A. VAGHELA ADVOCATE G/476/1992

(૮) દિવાની કાર્યવાહી અધિનિયમ–૧૯૦૮ની કલમઃ ૯૧(૧)ની જોગવાઈ મુજબ **" બીજા ગેરકાયદેસર કૃત્યની બાબતમાં"** કેસના સંજોગો મુજબ યોગ્ય હોય તેવી દાદ મેળવવા માટે, સંબંધિત અદાલતની પરવાનગીથી, દિવાની દાવો લઈ આવવાનો અધિકાર ભારત દેશના નાગરીકોને મળે છે. કાયદાની આ જોગવાઈ મુજબ, પરીક્ષાનુ પ્રશ્નપત્ર ફુટી જવુ તે ગુનાહીત કૃત્ય હોવા ઉપરાંત વળતર ચુકવવા પાત્ર દિવાની જવાબદારી પણ ઉભી કરે છે. આ પ્રશ્નપત્ર ફુટી જવાની ઘટના **"એકટ ઓફ ગોડ"** નથી, આથી આ નોટીસમાં જણાવેલા પરીક્ષાર્થીઓને થયેલ હાની માટે ક્ષતિપૂર્તિ થવા પાત્ર છે.

(૯) આથી ભારત દેશના નાગરીક તરીકે તેમજ સમાજના હિતચિંતક હોવાના નાતે મારા અસીલ આ નોટીસમાં જણાવેલ વિષયે દિવાની દાવો લાવીને બહોળી સંખ્યામાં અસરગ્રસ્ત થયેલા, આ નોટીસમાં જણાવેલ પરીક્ષાર્થીઓને ન્યાય/ વળતર અપાવવાની ઈચ્છા ધરાવે છે. આથી હાલની નોટીસ આપવામાં આવી છે.

પાના નં...૮...

(૧૦) આપ સહુ નોટીસ લેનારાઓની જાણકારીમાં અને રેકર્ડ ઉપર એ હકિકત જાહેર થઈ છેકે, તા.૧૨/૧૨/૨૦૨૧ના રોજ બિન સચિવાલય હેડ કલાર્ક પદની પરીક્ષા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે લીધેલી હતી. આ પદ ઉપર નોકરી મેળવવા ઈચ્છતા અનેક આશાસ્પદ યુવક–યુવતિઓએ જરૂરી ફી ભરીને આ પસંદગીની પ્રક્રિયામાં ભાગ લીધો હતો. આ પસંદગી પ્રક્રિયાના પ્રથમ ચરણમાં ફોર્મ ભરનાર લાયક ઉમેદવારોએ લેખીત પરીક્ષા આપી હતી. મારા અસીલની જાણ મુજબ આવા ૮૮,૦૦૦/ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. (આ સંખ્યામાં જો તફાવત આવતો હોય તો જે પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી છે તે તમામ પરીક્ષાર્થીઓના હિત માટે મારા અસીલ દાવો લાવનાર છે તેવો આ નોટીસનો અર્થ કરવાનો છે) આ પરીક્ષાનું પ્રશ્નપત્ર ફુટવાના કારણે રદ કરવામાં આવી છે. આ પરીક્ષા રદ કરવાનો નિર્ણય તમો નોટીસ લેનારા નં.(૧) થી (૩) વાળાએ લીધેલો છે.

GIRDHAR A. VAGHELA ADVOCATE G/476/1992

(૧૧) આ પરીક્ષાનુ પ્રશ્નપત્ર ફુટી જવાની જાણકારી તમો નોટીસ લેનારા નં.(૧)થી(૩) વાળાને ન હતી, પરંતુ ગુજરાત રાજયની જનતામાંથી આ પ્રશ્નપત્ર ફુટવાની ઘટનાની જાણકારી જાહેર માધ્યમોને આપવામાં આવેલી હતી, સાથે સાથે પુરાવાઓ આપવામાં આવેલા હતા. આ જાણકારી જયારે પ્રથમ વખત જાહેર થઈ ત્યાં સુધી તમો

પાના નં...૯...

નોટીસ લેનારા નં.(૧)થી(૩) વાળાઓ આ પ્રશ્નપત્ર ફુટવાની ઘટના બની હોવાનું સ્વીકારતા પણ ન હતા. પરંતુ પાછળથી આ પ્રશ્નપત્ર ફુટવાની ઘટનાને સ્વીકારેલી છે. આથી તમો નોટીસ લેનારા નં.(૧)થી(૩) દ્વારા સ્વીકારવામાં આવેલ છેકે, આ પ્રશ્નપત્રને યોગ્ય અને જરૂરી તકેદારી સાથે ગુપ્ત રાખી શકાયુ નથી.

(૧૨) ઉપરોકત જણાવેલ રીતે ગુજરાત રાજયના લગભગ ૮૮,૦૦૦/ પરીક્ષાર્થીઓએ, આ પરીક્ષા આપવા માટે ખુબજ મહેનત કરી હતી. એટલે કે, આ પરીક્ષાની તૈયારી માટે વાંચન કરવા પોતાની જીંદગીના મહામુલા સમયનો વપરાશ કરેલો હતો. અને બાદમાં પોતાના ઘરેથી પરીક્ષા કેન્દ્ર સુધીનો પ્રવાસ કરેલો અને પરીક્ષા કેન્દ્રમાં ચોકકસ સમય બેસીને પરીક્ષા આપેલી હતી. આ રીતે લગભગ ૮૮,૦૦૦/ પરીક્ષાર્થીએ આ પરીક્ષા માટે પોતાના નાણા અને પોતાની જીંદગીના સમયનું બલીદાન આપેલુ હતુ.

(૧૩) ગૌણ સેવા પસંદગી મંડળ ગુજરાત રાજય સરકારના જાહેર નાણા માંથી પોતાનો વહીવટ કરે છે. તેમજ પરીક્ષાર્થીઓ પાસેથી પરીક્ષાની ફી લઈને પોતાની નાણાકીય જરૂરીયાતની આપુર્તિ કરે છે. આથી ગૌણ સેવા મંડળનો વહીવટ જાહેર નાણામાંથી થાય છે. ગુજરાત રાજય ગૌણ સેવા મંડળ તેની દરેક નિષ્ફળતા માટે જવાબદાર થાય

પાના નં..૧૦...

GIRDHAR A. VAGHELA • ADVOCATE • G/476/1992

છે. પરંતુ ગૌણ સેવા પસંદગી મંડળ કાનૂની વ્યક્તિત્વ ધરાવતુ હોય, તમો નોટીસ લેનારા નં. (૩) ગૌણ સેવા પસંદગી મંડળની ક્ષતિ માટે સીધા જવાબદાર થાવ છો.

(૧૪) સુર્યા ઓફ સેટ એટલકે નોટીસ લેનારા નં.(૪)ને આ પ્રશ્નપત્ર છાપવા માટે આપવાનો નિર્ણય તમો નોટીસ લેનારા નં.(૩) વાળાએ લીધેલો હતો. આ સુર્યા ઓફ સેટનો પ્રશ્નપત્રની ગુપ્તતા માટેનો ભુતકાળ સારો ન હોવાની વિગતો મારા અસીલને જાહેર માધ્યમથી પ્રાપ્ત થઈ છે. આ સ્થિતીમાં સુર્યા ઓફ સેટને પ્રશ્નપત્ર છાપવા માટે આપીને તમો નોટીસ લેનારા નં.(૩) વાળાએ અયોગ્ય પ્રિન્ટીગ પ્રેસ પસંદ કરેલ છે. આથી પ્રિન્ટીગ પ્રેસ પસંદ કરવામાં તમો નોટીસ લેનારા નં.(૩) વાળાએ યોગ્ય અને જરૂરી તકેદારી રાખી નથી, તેમજ જરૂરી ધારા–ધોરણોનુ પાલન કરેલ નથી.

(૧૫) તા.૧૨/૧૨/૨૦૨૧ના રોજ લેવાયેલી હેડ કલાર્કની પરીક્ષાના પ્રશ્નપત્ર છાપવા માટે, પ્રિન્ટીગ પ્રેસ શોધવાની અને તમામ રીતે લાયક પ્રિન્ટીગ પ્રેસને પ્રશ્નપત્ર છાપવાની જવાબદારી આપવાનું કામ ગૌણ સેવા પસંદગી મંડળનું હતુ. આ પરીક્ષા લેવા માટે પ્રશ્નપત્ર છાપવાની અને આ પ્રશ્નપત્રનો એક પણ અંશ જાહેર ન થાય તેવી મજબુત કિલ્લેબંધી પ્રકારની વ્યવસ્થા નિર્માણ કરવાની સીધી ફરજ

પાના નં..૧૧...

GIRDHAR A. VAGHELA • ADVOCATE • G/476/1992

તમો નોટીસ લેનાર નં.(૨) અને (૩)ની હતી. તેમજ આ પ્રિન્ટીગ પ્રેસ પ્રશ્નપત્ર છાપતી વખતે તમામ પ્રકારની સુરક્ષા–બંદોબસ્ત રહે અને કોઈપણ ચુક ન રહે તેવી વ્યવસ્થાનું નિર્માણ સુનિશ્ચિત થાય તેવી પાકે પાયે ગોઠવણ કરવાની જવાબદારી પણ તમો નોટીસ લેનારા નં.(૨) અને (૩) વાળાઓની હતી.

(૧૬) આ પરીક્ષા લેવા માટે પ્રશ્નપત્ર ગૃપ્તતા સાથે છાપવાની અને આ પ્રશ્નપત્રનો એક પણ અંશ જાહેર ન થાય તેવી મજબુત કિલ્લેબંધી પ્રકારની વ્યવસ્થા નિર્માણ કરવાની ફરજ તમો નોટીસ લેનાર નં.(૪)ની પણ હતી. આથી આ પ્રશ્નપત્ર છાપતી વખતે તમામ પ્રકારની સુરક્ષાના બંદોબસ્ત રહે, અને કોઈપણ ચુક ન રહે તેવી વ્યવસ્થાનું નિર્માણ સુનિશ્ચિત થાય તેવી પાકે પાયે ગોઠવણ કરવાની જવાબદારી પણ તમો નોટીસ લેનારા (૪) પ્રિન્ટીગ પ્રેસની હતી.

(૧૭) મારા અસીલને મીડીયા રીપોર્ટ ઉપરથી મળેલ જાણકારી મુજબ સ્પર્ધાત્મક પરીક્ષાના પરીક્ષાર્થીઓ માટેના પ્રશ્નપત્ર કુલ–૪ સેટમાં પ્રિન્ટ કરવામાં આવે છે. આ ૪ સેટમાં પ્રશ્નપત્ર પ્રિન્ટ થયા પછી ૪–સેટ પૈકી કોઈ એક સેટ ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન અથવા ચેરમેનની નિગરાની હેઠળ પસંદ કરવામાં આવે છે. આથી તમો નોટીસ લેનારા નં.(૩) વાળાએ ચાર સેટ પૈકી જે પ્રશ્નપત્ર

પાના નં..૧૨...

GIRDHAR A. VAGHELA • ADVOCATE • G/476/1992

પસંદ કરેલ તેજ પ્રશ્નપત્ર ફુટી ગયેલ હતુ. આથી તમો નોટીસ લેનાર નં.(૩) વાળાએ વિસ્તૃત રીતે સ્પષ્ટતા કરવી જરૂરી છેકે, તમો નોટીસ લેનારા નં.(૩) વાળા અને પ્રશ્નપત્ર ફોડવાની કાર્યવાહીમાં સંડોવાયેલા લોકો વચ્ચે આવી એક સુત્રતા કઈ રીતે થઈ ? આ સ્પષ્ટતાનો અભાવ ક્રિમીનલ જવાબદારી ઉભી કરે તેવો મજબુત સાંયોગિક પુરાવો ઉભો કરે છે. તેમજ તમો નોટીસ લેનારા નં.(૩)ની અંગત જવાબદારી ઠરાવવા માટેના સંજોગો જાહેર કરે છે.

(૧૮) ઉપરોક્ત જણાવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરીક્ષાર્થીઓ માટે તૈયાર કરવામાં આવતા પ્રશ્નપત્રને યોગ્ય સલામતિપૂર્વક પ્રિન્ટ કરવામાં આવે, તેમજ આ પ્રશ્નપત્ર કોઈપણ રીતે બાહ્ય લોકોને જાણકારીમાં ન આવે, આ પ્રશ્નપત્ર ગુપ્ત રહે, તે અંગેની તમામ વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની જવાબદારી તમો ઉપર લખેલ નં.(૪) પ્રિન્ટીગ પ્રેસની પણ છે. તમો નોટીસ લેનારા નં.(૪) વાળાએ પ્રશ્નપત્રની ગુપ્તતા માટેની કરારજન્ય/ કાનુની અને નૈતિક જવાબદારી નિભાવેલ નથી.

(૧૯) આપ સહુની જાણકારીમાં હશે કે, ગુજરાતના ૮૮,૦૦૦/ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી, ત્યાર બાદ આ પરીક્ષાનું પ્રશ્નપત્ર ફુટી ગયાની જાણકારી જાહેર થઈ હતી. આથી આ પ્રશ્નપત્ર પરીક્ષા ખંડમાં જાહેર થવાના બદલે આ પ્રશ્નપત્ર તે

પાના નં..૧૩...

GIRDHAR A. VAGHELA
ADVOCATE
G/476/1992

તે પરીક્ષા પહેલા જાહેર થઈ ગયેલ. તેમજ આ પ્રશ્નપત્ર ચોકક્સ પરીક્ષાર્થીઓના હાથમાં પરીક્ષાના સમય પહેલા પહોંચી ગયેલ. આથી આ પરીક્ષા લેવાયાની પહેલા અનેક પરીક્ષાર્થીઓને આ પ્રશ્નપત્રની જાણ થઈ ગયેલી. આથી આ વિષયે જરૂરી તપાસ કરીને ગુજરાત રાજય સરકારે તેમજ ગુજરાત રાજય ગૌણ સેવા પસંદગી મંડળે પાકા પુરાવાઓ મેળવી, વિચાર–વિમર્શ કરી તપાસના આધારે પરીક્ષા રદ કરી છે.

(૨૦) ઉપરોક્ત જણાવેલ રીતે પ્રશ્નપત્ર ફુટવાથી પરીક્ષા આપનારા દરેક પરીક્ષાર્થીઓને થયેલ આર્થિક અને માનસિક નુકશાન માટે રૂા.૧૦,૦૦૦/– નુકસાન પ્રતિક સ્વરૂપે મળવુ જોઈએ. આથી ૮૮,૦૦૦/ પરીક્ષાર્થીઓ દરેકને રૂા.૧૦,૦૦૦/– રૂપીયા દશ હજાર વળતર માટે, હાલના અંદાજ મુજબ ૮૮ કરોડ રૂપીયા તમો નોટીસ લેનારાઓ ચુકવી આપવા માટે સંયુકત અને વિભકત રીતે જવાબદાર થયા છો. જો પરીક્ષાર્થીઓની સંખ્યા વધારે કે ઓછી હોય, કોઈ પરીક્ષાર્થી વધારે વળતરનો દાવો કરે, કોઈ પરીક્ષાર્થી આ વળતર મેળવવાનો ઈન્કાર કરે તેવી સ્થિતીમાં તે સંખ્યાની સાપેક્ષમાં વળતરની કુલ રકમમાં વધઘટ થવાને અવકાશ છે. આથી આ નોટીસ મળ્યે દિવસ–૬૦ની અંદર ગુજરાત રાજય ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી હેડકલાર્કની પરીક્ષાના દરેક પરીક્ષાર્થીઓને રૂ. ૧૦,૦૦૦/– ચુકવી આપી તેનો દાખલો રાખશો. પાના નં..૧૪...

GIRDHAR A. VAGHELA
ADVOCATE
G/476/1992

અન્યથા ઉપરોક્ત જણાવેલ ૮૮ કરોડની રકમ તમો નોટીસ લેનારાઓ પાસેથી વસુલ લઈ દરેક પરીક્ષાર્થીઓને રૂ. ૧૦,000/ અંકે રૂ. દશ હજાર પુરા ચુકવી આપવાની દાદ મેળવવા માટે મારા અસીલ સક્ષમ દિવાની અદાલત સમક્ષ કાયદેસરની પરવાનગી મેળવી, દાવો રજુ કરશે.

(૨૧) તે ઉપરાંત તમો નોટીસ લેનારા નં.(૩) અને (૪) અને (૫)ની ક્ષતિના કારણે ગુજરાત રાજ્યની જનતાની તિજોરીને પણ મોટાપાયે નુકશાન થયુ છે. આથી ગુજરાત રાજ્યની જનતાની તિજોરીને આ પરીક્ષાનુ આયોજન કરવા અને પરીક્ષા રદ કરવા અને નવી પરીક્ષા લેવા માટે જે ખર્ચની જવાબદારી વહન કરવાની થાય છે, તે ખર્ચ પેટે રૂ. ૧ કરોડ ગુજરાત રાજ્યની અથવા ગૌણ સેવા પસંદગી મંડળની તિજોરી જમા કરવાના થાય છે. આથી તમો નોટીસ લેનારા નં.(૩)થી(૫)વાળાઓ આ રકમ ગૌણ સેવા મંડળ–ગાંધીનગરને ચુકવી આપશો. જો રકમ જમા કરાવવામાં તમો નિષ્ફળ જશોતો તમો નોટીસ લેનારા નં.(૩) અને (૪) અને (૫) વાળા પાસેથી વસુલ મેળવી ગૌણ સેવા મંડળના બેંક ખાતામાં જમા કરાવવાની દાદ મારા અસીલ માંગશે. આ રકમમાં વાસ્તવિક ખર્ચ મુજબનો વધારો–ઘટાડો થવાનો સંભવ છે.

પાના નં..૧૫...

(૨૨) ઉપરોક્ત જણાવેલી રકમ ૮૮ કરોડ રૂપીયા ચુકવવા માટે તમો નોટીસ લેનારા નં.(૩) આસીત વોરા અને નં.(૪) અને (૫)ની પ્રથમ અને સીધી જવાબદારી છે. આથી આ ૮૮ કરોડની રકમ ગુજરાત રાજ્યની તિજોરીમાં પડેલ જાહેર નાણામાંથી વસુલ કરવાને બદલે તમો નોટીસ લેનારા નં.(૩) અને (૪) અને (૫)ની અંગત મિલ્કતમાંથી વસુલ કરવા માટેની ખાસ દાદ મારા અસીલ માંગશે.

GIRDHAR A. VAGHELA • ADVOCATE • G/476/1992 •

(૨૩) ઉપરોક્ત જણાવેલ પ્રશ્ન પત્ર ફુટી જવાની ઘટનાથી ગુજરાત રાજ્ય ગૌણ સેવા પસંદગી મંડળને (એટલકે રાજ્યની જનતાને) રૂ. ૧ કરોડનુ નુકશાન થયેલ છે. આ રકમનુ નુકશાન સબંધિત પ્રિન્ટીગ પ્રેસની ક્ષતિના કારણે થયેલ હોવાની હકિકત હાલ રેકર્ડ ઉપર આવી છે. આ સંજોગોમાં લો ઓફ ટોર્ટ અને લો ઓફ કોન્ટ્રેક્ટની જોગવાઈ મુજબ ગુજરાત રાજ્ય ગૌણ સેવા પસંદગી મંડળને થયેલ નુકશાન વસુલ મેળવવાની કાર્યવાહી કરવાની તમો નોટીસ લેનારા નં.(૧) અને (૨) વાળાની સીધી ફરજ છે. તમો નોટીસ લેનારા નં.(૧) અને (૨) વાળાએ ટ્રસ્ટીશીપના સિધ્ધાંત હેઠળ રાજ્યની જનતાને થયેલ નુકશાન જેતે જવાબદાર પાસેથી વસુલ મેળવવા કાર્યવાહી કરવા જવાબદાર છો. પરંતુ તમો નોટીસ લેનારા નં.(૧) અને (૨) વાળા અપકૃત્યથી થયેલી નુકશાની બદલની કાર્યવાહી કરવા ઉદાસીન રહેલા હોય, મારા અસીલને જાહેર હિત માટે અને દાખલો બેસાડવા માટે આ કાર્યવાહી કરવાની જરૂરત પડી છે.

પાના નં..૧૬...

(૨૪) ગુજરાત રાજયના ૮૮,૦૦૦/ પરીક્ષાર્થીઓને થયેલ નુકશાની બદલ વળતર મેળવવાની કાર્યવાહી કરવાની, અને આ રકમ વસુલ કરવાની કાર્યવાહી કરવાની જવાબદારી તમો નોટીસ લેનારા નં.(૧) અને (૨) વાળાની છે, પરંતુ તમો નોટીસ લેનારા નં.(૧) અને (૨) આવી કાર્યવાહી કરવા આગળ આવતા ન હોય, મારા અસીલને ના છુટકે, આ કાર્યવાહીનો આરંભ કરવાની ફરજ પડી છે.

(૨૫) આ નોટીસમાં ઉપરોક્ત જણાવેલી વિગતો જે મહત્વની હતી તે જણાવેલી છે. દાવો રજુ કરતા સુધીમાં, આ વિષય સબંધમાં વિશેષ વિગતો જાહેર થયે તેનો સમાવેશ દાવા અરજીમાં કરવામાં આવશે જેની નોંધ લેશો.

અમદાવાદ

તા.31/૦૩/૨૦૨૨

(ગિરધર વાઘેલા)
GIRDHAR A. VAGHELA
Advocate
તે મારા અસીલની સુચનાથી

સુચના આપનારાઓની સહી

(૧) ..............................

(૨) ..............................

GIRDHAR A. VAGHELA ADVOCATE G/417/1992